### સુરતમાં રાહત કામગીરીને વેગ, 30 ટકા કેશડોલ્સ વિતરણ પૂર્ણ

# 22થી વધુ ટીમો મેદાનમાં: પુણા, ઉધના સૌથી વધુ અસરગ્રસ્ત

**કતારગામ** સહિતના વિસ્તારોમાં રૂ.2 લાખની કેશડોલ્સ સહાયનું વિતરણ, આગામી બે દિવસમાં રૂ.15થી 20 લાખની વધુ સહાય ચૂકવાશે

સુરતઃ સુરત શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત બનેલા પરિવારોને તાત્કાલિક રાહત મળે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સરવે અને સહાય વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે-ઘરે પહોંચી નુકસાનનું મૂલ્યાંકન કરી કેશડોલ્સ સહાય આપવામાં આવી રહી છે.

જિલ્લા કલેક્ટરના જણાવ્યા મુજબ સમગ્ર શહેરમાં રાહત અને સહાય કામગીરી માટે 22થી વધુ ટીમો સતત મેદાનમાં કાર્યરત છે. હાલ પુણા, ઉધના અને મજુરા વિસ્તારોમાં સૌથી વધુ નુકસાન નોંધાતા ત્યાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં અંદાજે 30 ટકા કેશડોલ્સ સહાયનું વિતરણ પૂર્ણ થઈ ચૂક્યું છે અને બાકીના લાભાર્થીઓને પણ ઝડપથી સહાય પહોંચાડવા માટે કામગીરી ચાલી રહી છે. કતારગામ તાલુકાના હળપતિવાસ, આંબા તલાવડી, કઠોર અને ગોથાણ સહિતના વિસ્તારોમાં જિલ્લા કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીના અધિકારી-કર્મચારીઓએ ઝડપી સરવે હાથ ધરી અસરગ્રસ્ત પરિવારોને અબ્રામા વિસ્તારમાં રૂ.1 લાખ તેમજ કઠોર અને ગોથાણ વિસ્તારમાં રૂ.1 લાખ મળીને કુલ રૂ.2 લાખની કેશડોલ્સ સહાયનું ઘરે-ઘરે જઈને વિતરણ કર્યું છે. પ્રાંત અધિકારી (ઉત્તર) નેહાબેન પટેલે જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં અબ્રામા અને કતારગામ તાલુકાના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં પણ તાત્કાલિક સરવે પૂર્ણ કરીને અંદાજે રૂ.15થી 20 લાખની કેશડોલ્સ સહાયનું વિતરણ કરવામાં આવશે.

### નવનિયુક્ત તલાટી અને નાયબ મામલતદારોને પણ મેદાનમાં ઉતાર્યા

વહીવટીતંત્રે કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે નવનિયુક્ત તલાટી અને નાયબ મામલતદારોને પણ મેદાનમાં ઉતાર્યા છે. ઉપરાંત અન્ય વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓની પણ મદદ લેવામાં આવી રહી છે, જેથી સરવે, દસ્તાવેજી કાર્યવાહી અને સહાય વિતરણની પ્રક્રિયા ઝડપી ગતિએ પૂર્ણ કરી શકાય. જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું છે કે શહેર અને જિલ્લાના તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત સર્વે ચાલી રહ્યો છે અને પાત્ર લાભાર્થીઓને સરકારની જોગવાઈ મુજબ તાત્કાલિક કેશડોલ્સ સહાય ચૂકવવામાં આવશે.

# ૬ તાલુકામાં ૫૦૦થી વધુ પરિવારોને તાત્કાલિક સહાય

**6800** સહાય મૃત્યુના કેસમાં, રૂ.૪ લાખની સહાય માટે પણ સરવે શરૂ

સુરતઃ સુરત શહેરમાં સોમવાર અને મંગળવારે પડેલા મુશળધાર વરસાદ બાદ જનજીવન ધીમે ધીમે સામાન્ય થઈ રહ્યું છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્રે અસરગ્રસ્ત પરિવારો સુધી તાત્કાલિક આર્થિક સહાય પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી છે.

મંગળવાર સાંજથી શરૂ કરાયેલી સહાય વિતરણની કામગીરી બુધવાર સુધી સતત ચાલુ રહી હતી. અત્યાર સુધીમાં સુરત શહેરના છ તાલુકા વિસ્તારોમાં ૫૦૦થી વધુ પરિવારોને કેશડોલ્સ, ઘરવખરી અને કપડા સહાય મળી કુલ રૂ. ૬,૮૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરી રોકડ સહાયનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. સુરત દક્ષિણના પ્રાંત અધિકારી વી. જે. ભંડારીના માર્ગદર્શન હેઠળ મજૂરા, ઉધના અને પુણા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોમાં ૪૦૦થી વધુ પરિવારોને સહાય આપવામાં આવી છે. દરેક પરિવારને ત્રણ દિવસના કેશડોલ્સ તરીકે રૂ. ૧,૮૦૦ તેમજ ઘરવખરી અને કપડાં માટે રૂ. ૫,૦૦૦ મળી કુલ રૂ. ૬,૮૦૦ની સહાય સીધી ચૂકવવામાં આવી છે.

### મૃતકોના પરિવારને રૂ. ૪ લાખની સહાય માટે કાર્યવાહી શરૂ

ભારે વરસાદ દરમિયાન બનેલી દુર્ઘટનાઓમાં જીવ ગુમાવનાર લોકોના પરિવારજનોને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી રૂ. ૪ લાખની સહાય પણ તાત્કાલિક મળી રહે તે માટે વહીવટી તંત્રે અલગથી કાર્યવાહી શરૂ કરી છે. ઉધના, મજૂરા, પુણા, અડાજણ, કતારગામ અને અબ્રામા તાલુકામાં માનવમૃત્યુના કેસોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આવતીકાલ સાંજ સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પાત્ર પરિવારજનોને રૂ. ૪ લાખની સહાય મંજૂર કરીને ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

### વરસાદે લીધો વિરામ, સુરતને મળી રાહત

# વરસાદે વિરામ લેતાની સાથે તાપમાનમાં 2.3 ડિગ્રીનો વધારો

**ભેજનું** પ્રમાણ રહેતા ઉકળાટનો અનુભવ

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદ બાદ આજે આખરે મેઘરાજાએ વિરામ લીધો હતો. શહેર ઉપરાંત જિલ્લાના તમામ તાલુકાઓમાં દિવસભર વરસાદ નોંધાયો નહોતો, જેના કારણે સામાન્ય જનજીવનને મોટી રાહત મળી હતી. ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે વરસાદના વિરામથી લોકોની સાથે વહીવટી તંત્રે પણ રાહતનો શ્વાસ લીધો હતો.

ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની, માર્ગ વ્યવહાર ખોરવાઈ જવાની અને વિવિધ સમસ્યાઓ ઊભી થઈ હતી. જોકે આજે વરસાદ ન વરસતા રસ્તાઓ પર પાણી ઓસરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી અને જનજીવન ફરી સામાન્ય બનવા તરફ આગળ વધ્યું હતું. વરસાદના વિરામને કારણે લોકો રોજિંદા કાર્યો માટે નિરાંતે બહાર નીકળ્યા હતા.

વરસાદ બંધ રહેતા તાપમાનમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાનમાં 2.3 ડિગ્રીનો વધારો થઈ 32.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ લગભગ બે ડિગ્રી વધીને 27.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં 79 ટકા ભેજ નોંધાયો હતો અને દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે ફૂંકાયો હતો. ભેજનું પ્રમાણ વધુ હોવાથી લોકોએ ઉકળાટનો અનુભવ કર્યો હતો.

### ઉકાઇ ડેમના ઉપરવાસમાં પણ વરસાદ શાંત, પાણીની આવક 800 ક્યુસેક

સુરત માટે મહત્ત્વપૂર્ણ ગણાતા ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં પણ વરસાદમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ઉપરવાસમાં વરસાદના વિરામને કારણે ડેમમાં નવા પાણીની આવક લગભગ બંધ થઈ ગઈ છે. હાલમાં ઉકાઈ ડેમમાં માત્ર 800 ક્યુસેક પાણીની આવક અને એટલી જ જાવક ચાલુ છે. ઉકાઈ ડેમની જળસપાટી હાલમાં 312.82 ફૂટ સુધી પહોંચી છે. ઉપરવાસમાં વરસાદ ઘટતા ડેમની સ્થિતિ હાલ સ્થિર જોવા મળી રહી છે. જોકે આગામી દિવસોમાં ઉપરવાસમાં ફરી વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર સતત નજર રાખી રહ્યું છે. ઉપરવાસના અન્ય જળાશયોની વાત કરીએ તો હથનુર ડેમમાંથી હાલમાં 12 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે પ્રકાશા બેરેજમાંથી 1,600 ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. જળસંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી જરૂરિયાત મુજબ પાણીના પ્રવાહનું સંચાલન કરી શકાય.

# બળાત્કારનો ભોગ બનનાર સગીરાને ગર્ભપાતની મંજૂરી આપતી અદાલત

**પીડિતાને** 23 અઠવાડિયા 4 દિવસનો ગર્ભ હતો

**ગર્ભાવસ્થાની** સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સુનાવણી માટે રજૂઆત કરાઈ હતી

સુરત, વ્યારાઃ તાપી જિલ્લાના સોનગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો એક્ટ હેઠળના ગુનામાં ભોગ બનનાર સગીરાને 23 અઠવાડિયા અને ચાર દિવસનો ગર્ભ હોવાનું સામે આવતા ગર્ભપાતની મંજૂરી માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. સેશન્સ કોર્ટે તબીબી અભિપ્રાયના આધારે અરજી મંજૂર કરતાં પીડિતાને કાનૂની રાહત મળી હતી. ભોગ બનનારે ગર્ભપાત માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA)નો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ડીએલએસએના સચિવ વાય. બી. ગામીતના માર્ગદર્શન હેઠળ લીગલ એડ ડિફેન્સ કાઉન્સિલના ચીફ એડવોકેટ નિલેશ જે. પટેલની નિમણૂક કરવામાં આવી હતી. એડવોકેટ નિલેશ પટેલે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ, 1971ની જોગવાઈઓ હેઠળ ગર્ભપાતની મંજૂરી માટે તા. 30 જૂન, 2026ના રોજ સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગર્ભાવસ્થાની સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને કેસની તાત્કાલિક સુનાવણી થાય તે માટે અલગથી પ્રાથમિકતા અરજી પણ કરવામાં આવી હતી.

આ અરજીની સુનાવણી દરમિયાન સ્પેશિયલ પોક્સો કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એ. બી. ભોજકે સિવિલ હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટનો તબીબી અભિપ્રાય મંગાવ્યો હતો. તબીબી તપાસ અને રિપોર્ટના આધારે કોર્ટે ભોગ બનનારની ગર્ભપાતની અરજી મંજૂર કરી હતી.

# માછીમારી કરતી વેળા વીજળી પડતાં યુવક નદીમાં પડી ગયો

**કઠોરનો** અનિલ રાઠોડ નાવડી લઈ રાકેશ સાથે માછીમારી કરવા ગયો હતો

**ગભરાયેલો** રાકેશ નાવડી લઈ કિનારા તરફ જતો રહ્યો

કામરેજઃ ખોલવડ નજીક તાપી નદીમાં માછીમારી કરવા આવેલા કઠોરના બે યુવાન પૈકી એક યુવાન પર વીજળી પડતાં બેભાન થઈ નદીના પાણી ગરકાવ થઈ ગયો હતો. જ્યારે બીજાને હાથમાં આંચકો લાગ્યો હતો.

સુરત શહેરના અબ્રામા તાલુકાના કઠોર ગામે નવા ફળિયા હળપતિવાસમાં રાકેશ કનુ રાઠોડ રહે છે. જે બે દિવસ અગાઉ ફળિયામાં રહેતા અનિલ નાનુ રાઠોડ (ઉ.વ.32) સાથે તાપી નદીમાં માછીમારી કરવા માટે નાવડી લઈને ગયા હતા. નદીમાં જીંગા પકડવા માટે નાંખેલા વાંસનાં પાંજરાં કાઢવા માટે રાકેશ પોતાની નાવડી લઈને સાથે અનિલને લઈને ગયો હતો. ત્યારે કામરેજના ખોલવડની હદમાં સૂર્યપુત્રી તાપી નદીમાંથી બુલેટ ટ્રેનના બ્રિજ આગળ પાંજરાં કાઢી રહ્યાં હતાં. ત્યારે અચાનક જ ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. નાવડીના એક છેડે અનિલ અને બીજા છેડે રાકેશ બેઠો હતો. ત્યારે 3 કલાકે અચાનક કડાકા સાથે વીજળી અનિલ પર પડતાં તુરંત જ બેભાન થઈ ગયો અને નદીના પાણીમાં પડી ગયો હતો. જ્યારે રાકેશને હાથમાં કરંટ લાગ્યો હતો. બૂમાબૂમ કરી પણ કોઈ ન હોવાથી ગભરાઈને તુરંત જ નાવડી લઈને કિનારા તરફ જતો રહ્યો હતો. અનિલની પત્નીને જાણ કરી હતી. જે અંગે કામરેજ પોલીસમાં જાણવા જોગ ફરિયાદ નોંધી અનિલની શોધખોળ હાથ ધરી છે. જો કે, આ બનાવ સુરત શહેરની ઉત્રાણ પોલીસ અને જિલ્લાની કામરેજ પોલીસની હદ નજીક થયો હોવાથી ઘણી માથાકૂટ પણ થઈ હતી. આ અગાઉ પણ જ્યારે બુલેટ ટ્રેનના તાપી નદી પર બનતા બ્રિજનો લોખંડનો એક ભાગ માછી કરતા બે લોકો પર પડ્યો હતો ત્યારે પણ હદની માથાકૂટ થઈ હતી.

### સુરત શહેરની તર્જ પર સુરત જિલ્લાના ખેડૂતો સાથે મુખ્યમંત્રી ન્યાય કરે

# 5 તાલુકામાં ઈન્ડસ્ટ્રિયલ દબાણોને લીધે ખેતરોમાં ખાડીપૂરના પાણી

**15થી** વધુ ખાડીઓ પરનાં દબાણોને કારણે હજારો એકર ખેતીમાં પાણી ભરાયા

**ખાડી** ડેવલપમેન્ટ માટે સુરત શહેરની તર્જ પર સુરત જિલ્લાના ખેડૂતોને રૂ.1,000 કરોડનું વિશેષ પેકેજ આપવા માંગ

**ત્રણ** દિવસથી હજારો એકર ખેતીમાં પાકને નુકસાન, તાત્કાલિક સરવે કરી વળતર ચૂકવવા મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીને ખેડૂત સમાજની રજૂઆત

સુરતઃ ઓલપાડ, કામરેજ, પલસાણા, મહુવા અને માંડવી તાલુકાનાં અનેક ગામોમાં ત્રણ દિવસથી ખેતરોમાં પાણી ભરાઈ રહેતાં ડાંગર, શાકભાજી સહિતના પાકોને કરોડોનું નુકસાન થયું હોવાનું જણાવતાં દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના આગેવાનોએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ ખેડૂતો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગણી કરી છે.

જયેશભાઈ પટેલ (દેલાડ) અને રમેશભાઈ પટેલ (ઓરમા) એ જણાવ્યું છે કે, સુરતના પાંચ તાલુકાની 15થી 16 ખાડીઓ પર બિલ્ડર્સ, ડેવલપર્સ અને ઔદ્યોગિક એકમો દ્વારા કરાયેલાં દબાણોથી વરસાદી પાણીનો કુદરતી નિકાલ અવરોધાયો છે.

રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાડીઓની બંને બાજુ ઊભા કરાયેલા ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, ટેક્સટાઈલ પાર્ક અને સોલાર પાર્ક સહિતનાં વિકાસકાર્યો દરમિયાન કુદરતી જળમાર્ગો પર દબાણ થતાં પાણીના પ્રવાહમાં અવરોધ સર્જાયો છે.

માત્ર ખાડીઓ જ નહીં પરંતુ નહેરો પર થયેલાં દબાણો હટાવવા જોઈએ. સુરત શહેરમાં ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકારે ખાડી ડેવલપમેન્ટ માટે રૂ.500 કરોડની જોગવાઈ કરી છે. રાજ્ય સરકારે ખાડીઓની તર્જ પર સુરત જિલ્લાવાસીઓ માટે રૂ.1,000 કરોડનું વિશેષ ખાડી ડેવલપમેન્ટ ફંડ જાહેર કરવું જોઈએ.

અતિભારે વરસાદના કારણે ડાંગરના તૈયાર થયેલા ધરૂવાડિયા કોહવાઈ જતાં ખેડૂતોને ફરીથી બિયારણ અને મજૂરીનો ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. શાકભાજીના પાકો પાણીમાં ધોવાઈ ગયા અથવા સડી જતાં રોકડિયા પાક લેતા ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. સતત વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયેલા હોવાથી સમયસર વાવણી અને રોપણી પણ શક્ય બની રહી નથી, જેના કારણે સમગ્ર ખરીફ સિઝન પર સંકટ ઊભું થયું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ખેડૂત આગેવાનોએ લીલા દુષ્કાળ જેવી સ્થિતિ ગણી તાત્કાલિક વિશેષ સરવેની માંગ કરી છે. એકને ગોળ એકને ખોળ નહીં ચાલે સુરત જિલ્લાના ખેડૂતોને સુરત શહેરની તર્જ પર મુખ્યમંત્રી ન્યાય કરે એ જરૂરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**ખાડી કિનારાનાં...**

પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. સર્કિટ હાઉસમાં યોજાયેલી બેઠક શરૂ થાય તે પહેલાં જ તમામ અધિકારીઓ, મનપા કમિશનર અને લોકપ્રતિનિધિઓના મોબાઈલ ફોન બહાર જમા કરાવી દેવામાં આવ્યા હતા. અંદાજે બે કલાક સુધી ચાલેલી આ મેરેથોન બેઠકમાં પૂરગ્રસ્ત વિસ્તારોના ધારાસભ્યો અને સાંસદોએ પ્રજાની હાલાકીનું વાસ્તવિક ચિત્ર મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યું હતું. ક્યાં પ્રિ-મોન્સૂન કામગીરી અધૂરી રહી, ક્યાં ખાડીઓની સફાઈમાં બેદરકારી રહી અને ક્યાં પાણીના નિકાલમાં ગંભીર ક્ષતિ રહી તેની ખુલ્લેઆમ ચર્ચા થતાં મુખ્યમંત્રીએ અધિકારીઓનો ઉધડો લીધો હતો. ખાડી વિસ્તારમાં પાણીના નિકાલ માટે યુદ્ધના ધોરણે કાયમી એક્શન પ્લાન બનાવી તાત્કાલિક અમલ શરૂ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો હતો.બેઠકમાં સૌથી મોટો નિર્ણય સુરતની ખાડીઓને લઈને લેવાયો હતો. રાજ્ય સરકારે ખાડી પ્રોજેક્ટના રિડેવલપમેન્ટ, ખાડીઓને વધુ ઊંડી બનાવવા, પાણીના પ્રવાહમાં આવતા અવરોધો દૂર કરવા અને ખાડી કિનારાના તમામ ગેરકાયદે દબાણો હટાવવા માટે 500 કરોડનું વિશેષ ભંડોળ ફાળવવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, દબાણ દૂર કરવાની કામગીરીમાં કોઈ રાજકીય ભલામણ કે દખલગીરી ચલાવી લેવામાં આવશે નહીં અને પાણીના પ્રવાહમાં અવરોધરૂપ દરેક ગેરકાયદે બાંધકામ દૂર કરાશે.

**ત્રીજા દિવસે...**

**મીઠીખાડી, કમરુનગર, બેઠી કોલોની, ફૂલવાડી સહિતના વિસ્તારમાં બેથી ત્રણ ફૂટ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. આ ઉપરાંત પર્વતગામ, ગીતાનગર, પર્વત ચોરો, ચોર્યાસી ડેરી, પુણા કુંભારીયા રોડ પર એક ફૂટ જેટલા પાણી ભરાયેલા હતા. અને સરોલી વિસ્તારમાં પણ અડધો ફૂટ જેટલું પાણી ભરેલું રહ્યું હતું.**

**મજૂરી કરીને...**

અજીત બલિરામ પટેલ મંગળવારે સવારે છૂટક કામ માટે ડિંડોલીના શ્યામ બંગલા ખાતે ગયા હતા. ત્યાંથી કામ કરીને રાત્રે ઘરે પરત આવી રહ્યા હતા. તે વખતે ખરવાસા તળાવ પાસે ડૂબી જતાં મોતને ભેટ્યા હતા

**અમરોલીમાં તાપી...**

જતાં વહેણમાં તણાઈ ગઈ હતી. અડધોથી પોણો કલાક સુધી પાણીમાં બાળકીની શોધખોળ કરતાં મૃતદેહ મળી આવ્યો હતો.

**પાણીમાં ડૂબેલા...**

લીધો છે.

### સચિનના વૃદ્ધ પાનના ગલ્લા સાથે તણાઇ ગયા

મૂળ બિહારના વતની પ્રમોદભાઈ મુનશીરામ ભદાણી (ઉ.વ.60) હાલમાં સચિન પાલીગામ ખાતે આવેલા નીલકંઠ સોસાયટીમાં રહેતા હતા અને દસ દિવસ પહેલા તેમણે એકલેરા ગામ પાસે ગલ્લો ચાલુ કર્યો હતો. પરિવાર સાથે રહેતા મંગળવારે ભારે વરસાદ બાદ પાણી ભરાઈ જતાં પ્રમોદભાઈ પાનના ગલ્લા સાથે તણાઈ ગયા હતા. એક શેરડીના ખેતરમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

### ભેસ્તાનમાં 2નાં, લિંબાયતમાં 3નાં અને પૂણામાંથી 1નો મૃતદેહ મળ્યો

ઉન પાટીયા રોડ પર જન્નત બંગલા સામે અનુ ખાડીમાંથી આજે સવારે પાણીમાં ડૂબી ગયેલા ૩૦થી ૩૫ વર્ષીય બે અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી. જ્યારે લિંબાયતમાં ખાનપુરા પાસે રહેતો ૧૭ વર્ષીય કામરાન સાદીક પટેલનો મૃતદેહ મીઠીખાડીમાંથી મળી આવ્યો હતો. મીઠીખાડી પાસે હનુમાનશેરી પાસે રહેતો ૨૨ વર્ષીય જાવીદ હબીબ શાહનો આજે સવારે ઘર નજીક ડૂબેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે લિંબાયતમાં મામાનગરમાં રહેતો ૨૯ વર્ષીય મનોજ લાલજી સારેલ ગત રાતે ઘર નજીક ખાડીના પાણીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

ઉપરાંત ગોડાદરામા દ્રાકેશનગરમાં રહેતો ૨૭ વર્ષીય ધનરાજ બાપુદાસ ધકાતેની આજે સવારે પુણા રોડ આશિર્વાદ ટેક્સટાઇલ માર્કેટ પાછળ લાશ મળી આવી હતી.

**ખાતા પરથી...**

પર ઘરે આવવા નીકળ્યા હતા તે વખતે તણાઇ ગયા હતા આજે સવારે વાલકપાટીયા પાસે નવી બંધાતી ઇન્ફીનિટી બિલ્ડિંગ નજીકના ખાડીના પાણીમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

**હાથમાં લાકડું...**

પ્રકાશથી દર્શક પાણીમાં ચાલતો ચાલતો સ્કૂલ પાસે પહોંચ્યો હતો. બાદમાં ત્યાંના વોચમેને તેને બહાર કાઢી લેતાં બચી ગયો હતો. જોકે તેનો ભાઈ સંદીપ પાણીમાં વહેણમાં તણાઈ ગયો હોવાથી હજી પણ મળ્યો ન હોવાનું જાણવા મળ્યું હતું.

**ઉપરી અધિકારીની...**

કે 30 જૂનની સવારે પ્રજાપતિને તપાસ સમિતિ સમક્ષ હાજર રહેવા માટેનો પત્ર આપવામાં આવ્યો હતો. પ્રજાપતિએ અરજીમાં વધુમાં જણાવ્યું છે કે તપાસ સમિતિ સમક્ષ પણ તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ ઉપરી અધિકારીના આદેશથી જ સ્થળે હાજર રહ્યા હતા. તેમ છતાં તેમની વાત ધ્યાનમાં લીધા વગર તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સમગ્ર કાર્યવાહી અગાઉથી નક્કી કરેલી હોય અને તેમને જ જવાબદાર ઠેરવવાની યોજના ઘડાઈ હોય તેવું લાગી રહ્યું હોવાનું પણ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પીટીશનમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે ઝોનલ ચીફ દ્વારા એવુ સ્વિકાર્યુ હતુ કે, ડિમોલિશનની કાર્યવાહી સેન્ટ્રલ ઝોન દ્વારા કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં પોતાનો સીધો કોઈ નિર્ણયાત્મક રોલ ન હોવા છતાં કોર્ટ સમક્ષ કાર્યવાહી દર્શાવવા અને જવાબદારી નક્કી કરવા માટે પોતાને જ નિશાન બનાવવામાં આવ્યા હોવાનું પ્રજાપતિએ રજૂ કર્યું છે. તેથી હાઈકોર્ટને વિનંતી કરવામાં આવી છે કે કોઈપણ પૂર્વગ્રહ રાખ્યા વગર સસ્પેન્શનનો આદેશ રદ કરવામાં આવે અને કેસ પહેલાં જે સ્થિતિ હતી તે સ્થિતિમાં તેમને ફરીથી ફરજ પર પુનઃસ્થાપિત કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે નાસીરનગર ડિમોલિશનમાં ઈજનેર સુજલ પ્રજાપતિ સહીત ત્રણ પાંચ ઈજનેરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે પ્રજાપતિએ હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજી બાદ સમગ્ર પ્રકરણમાં વહીવટી જવાબદારી, અધિકારીઓની ભૂમિકા અને નિર્ણય પ્રક્રિયા અંગે ફરી એકવાર ચર્ચા તેજ બનવાની શક્યતા છે.

**પરવટ ગામમાં ત્રણ...**

સ્થિરતા અંગે ગંભીર શંકા ઊભી થઈ હતી અને ગમે ત્યારે ધરાશાયી થવાનો ભય સર્જાયો હતો. ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. જવાનોએ એપાર્ટમેન્ટના તમામ માળ પર રહેલા લોકોનો સુરક્ષિત રીતે બહાર કાઢીને સમગ્ર બિલ્ડિંગ ખાલી કરાવ્યું હતું. ત્યારબાદ પાલિકાના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા અને વિસ્તારને સુરક્ષિત બનાવી આગળની કાર્યવાહી શરૂ કરી હતી. ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલ બિલ્ડિંગને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકાના સ્ટ્રક્ચરલ એન્જિનિયરો બિલ્ડિંગની તકનીકી તપાસ કરશે, ત્યારબાદ તેના ઉપયોગ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

**CMA ફાઉન્ડેશન...**

ચેપ્ટરના વાઈસ ચેરમેન સીએમએ ભરત સવાણીએ જણાવ્યું હતું કે સુરત સાઉથ ગુજરાત ચેપ્ટરમાંથી કુલ 289 વિદ્યાર્થીએ ફાઉન્ડેશન પરીક્ષા આપી હતી. જેમાંથી 244 વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. આ રીતે ચેપ્ટરનું કુલ પરિણામ 84.40 ટકા નોંધાયું છે, જે નોંધપાત્ર અને ગૌરવપૂર્ણ માનવામાં આવે છે. પરિણામમાં હીના પ્રવીણભાઈ હરકાવત અને કરણ જીતેન્દ્રભાઈ ગાંધીએ 400માંથી 344 ગુણ મેળવી સુરતમાં સંયુક્ત રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે ઉપરાંત પર્વ નીરવભાઈ શાહએ 322 ગુણ સાથે બીજું સ્થાન મેળવ્યું છે. અમીષા જીતેન્દ્રભાઈ ધાકનએ 316 ગુણ સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે મહોમદ ફૈઝ ગોડીલએ 308 ગુણ મેળવી ચોથું અને દર્શ અરવિંદભાઈ વઘાસિયાએ 306 ગુણ સાથે પાંચમું સ્થાન હાંસલ કરીને ચેપ્ટરનું નામ રોશન કર્યું છે.

**RCI ના 3...**

જેમાં પર્વ શાહે સુરતમાં દ્વિતીય, ફૈઝ ગોદીલે ચતુર્થ અને દર્શ વાઘાસિયાએ પંચમ સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

**અધિકારીઓને ઉઘાડા...**

નિલેશ પટેલ, કાર્યપાલક ઈજનેર કામિની દોશી તેમજ ડેપ્યુટી અને જુનિયર ઈજનેરોની ટીમ એક ટ્રેક્ટરમાં બેસીને આ પૂર પ્રભાવિત વિસ્તારનું નિરીક્ષણ કરવા પહોંચી હતી. અધિકારીઓ ટ્રેક્ટરમાં આવી રહ્યા હોવાની જાણ થતાં જ ચાર દિવસથી હાલાકી ભોગવતા સેંકડો સ્થાનિકો રસ્તા પર એકત્ર થઈ ગયા હતા. સૂત્રોચ્ચાર સાથે લોકોએ કહ્યું હતું કે, આ ટ્રેક્ટરમાં બેસીને સાહેબગીરી કરવાને બદલે નીચે ઊતરો અને અમારી જેમ જ ઉઘાડા પગે આ ગંદા પાણીમાં ચાલીને અમારાં ઘરો સુધી આવો. શરૂઆતના તબક્કે મનપાના અધિકારીઓ ટ્રેક્ટરમાંથી નીચે ન ઊતરવા અને ટ્રેક્ટરમાં જ રહીને નિરીક્ષણ કરવાના આગ્રહ પર અડગ રહ્યા હતા. પરંતુ લોકોનો વિરોધ, આક્રોશ અને ઉશ્કેરાટ એટલો સીમા વટાવી ચૂક્યો હતો કે આખરે અધિકારીઓએ નમતું જોખવું પડ્યું હતું અને તેઓ ટ્રેક્ટરમાંથી નીચે ઊતરી પગપાળા જવા મજબૂર બન્યા હતા. જો કે, માનવતાના ધોરણે મહિલા કાર્યપાલક ઈજનેર પ્રત્યે નરમ વલણ દાખવીને સ્થાનિકોએ તેમને ટ્રેક્ટરમાં જ આગળ વધવાની મંજૂરી આપી હતી. આશરે અડધા કલાક સુધી ચાલેલા આ ઉગ્ર ઘેરાવ, હોબાળા અને હુરિયાના કારણે સમગ્ર ગીતાનગર વિસ્તારમાં ભારે તંગદિલી મચી ગઈ હતી. ચાર દિવસથી પાણીની વચ્ચે કેદ થયેલા પરિવારોનો ગુસ્સો ચરમસીમાએ હતો. સ્થાનિકોએ પ્રશાસનને ખુલ્લો પડકાર ફેંકતાં આકરા શબ્દોમાં કહ્યું હતું કે, ''અમે છેલ્લા ચાર દિવસથી અહીં નર્ક જેવી યાતનાઓ ભોગવી રહ્યા છીએ. તમે માત્ર 24 કલાક અમારી જેમ આ પાણી વચ્ચે ભૂખ્યા-તરસ્યા અને વીજળી વગર ઘરમાં રહી બતાવો, ત્યાર બાદ અમને કોઈ સલાહ આપજો.''

**અધિકારીઓ પહેલા...**

બંને કોર્પોરેટરોને ચારેય તરફથી ઘેરી લીધા હતા અને સવાલોનો મારો ચલાવ્યો હતો કે વર્ષોથી આ વિસ્તારમાં ચોમાસામાં ભરાતા પાણીની ગંભીર સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ કેમ લાવવામાં આવતો નથી? પૂરના કારણે સર્જાયેલી ભયંકર ગંદકી, પીવાના શુદ્ધ પાણીની તંગી અને તબીબી સુવિધાઓના અભાવ અંગે લોકોએ કોર્પોરેટરો પર પસ્તાળ પાડી હતી. લોકોનો આક્રોશ અને પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે જનતાના ઉગ્ર મૂડને જોઈને નાગર પટેલ અને રાજેશ રાણા બંને કોર્પોરેટરોને તુરંત જ ત્યાંથી ઊભી પૂંછડીએ ભાગવાની અને સ્થળ છોડીને જતા રહેવાની ફરજ પડી હતી.

# ઉધના સ્ટેશનની જર્જરિત PRS બિલ્ડિંગ એક તરફ નમી ગઇ

**સુરક્ષાના** ભાગરૂપે તાત્કાલિક કરંટ કાઉન્ટર પર શિફ્ટિંગ કરાયું

**ત્રણને** બદલે માત્ર બે જ કાઉન્ટર શરૂ કરાતાં મુસાફરો પરેશાન

**અઢી** વર્ષથી નવી પીઆરએસ બિલ્ડિંગનું નિર્માણ કાર્ય અધૂરું

**કોન્ટ્રાક્ટર** કંપનીની ગંભીર બેદરકારી

સુરતઃ તાજેતરમાં પડેલા મૂસળધાર વરસાદે ઉધના રેલવે સ્ટેશન પર ચાલી રહેલા બાંધકામની પોલ ખોલી નાખી છે અને તેની ધીમી ગતિ પર મોટા સવાલો ઉભા કર્યા છે. વરસાદ બાદ સ્ટેશન પરિસરમાં આવેલી જૂની પીઆરએસ (પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ) બુકિંગ બિલ્ડિંગ જર્જરિત થઈને એક તરફ નમી ગઈ હતી. જેના પગલે મધરાત્રે 2 વાગ્યે સ્ટેશન પર દોડધામ મચી ગઈ હતી.

આ ઈમારતમાં કર્મચારીઓને બેસાડીને ટિકિટ બુકિંગની કામગીરી ચાલુ રાખવી અત્યંત જોખમી જણાતા રેલવે પ્રશાસને સુરક્ષાને પ્રાથમિકતા આપીને તાત્કાલિક ધોરણે આખું બુકિંગ સ્ટાફ જૂના કરંટ જનરલ ટિકિટ કાઉન્ટર પર શિફ્ટ કરી દીધું હતું. આ અચાનક કરાયેલા ફેરફારના કારણે અગાઉ જે ત્રણ કાઉન્ટર ચાલતા હતા, તેના બદલે હવે માત્ર બે જ બારીઓ પરથી રિઝર્વેશનની કામગીરી સમેટાઇ ગઇ છે. કાઉન્ટરોની સંખ્યા ઘટવાને કારણે ટિકિટ લેવા આવતા મુસાફરોને કલાકો સુધી લાંબી લાઇનોમાં ઊભા રહીને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રેલવેના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ઉધના સ્ટેશન પર નવી પીઆરએસ બિલ્ડિંગ બનાવવાનો કોન્ટ્રાક્ટ ઓક્ટોબર 2023માં 'બ્રિજ એન્ડ રૂફ' કંપનીને સોંપવામાં આવ્યો હતો. આ ભવન નિર્ધારિત સમય મર્યાદામાં ઘણું વહેલું તૈયાર થઈ જવું જોઈતું હતું, પરંતુ અઢી વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે કામ હજી પણ અધૂરૂં છે.

આ દરમિયાન ઓગસ્ટ 2025માં પ્લેટફોર્મ નંબર-1 પર પ્લિન્થિંગનું કામ પણ શરૂ કરવામાં આવ્યું હતું, જેની બિલકુલ બાજુમાં જ આ જૂની બિલ્ડિંગ આવેલી હતી. વરસાદના પાણી ભરાવાને કારણે જૂની બિલ્ડિંગનો એક હિસ્સો બેસી જતાં તંત્ર દોડતું થયું હતું. હવે જ્યાં સુધી નવી બિલ્ડિંગ સંપૂર્ણ રીતે તૈયાર થઈને રેલવેને હેન્ડઓવર નહીં થાય, ત્યાં સુધી મુસાફરો અને રેલવે સ્ટાફે આ મર્યાદિત વ્યવસ્થા વચ્ચે જ કામ ચલાવવું પડશે, જેનાથી જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.